

જીવાશ્મ ની શોધ



વેન્ડી રયડેલ ચિત્ર : રે બર્ન્સ

જીવાશ્મ
ની શોધ




વેન્ડી રયડેલ ચિત્ર : રે બર્ન્સ

પૃથ્વી કેટલી પ્રાચીન છે?



આપણી પૃથ્વી અબજો વર્ષો પ્રાચીન છે. વૈજ્ઞાનિકો નું માનવું છે કે એનું નિર્માણ લગભગ સાડા ચાર અબજ વરસ પહેલા થયું હશે. લોકો એ લાંબા કાળ ના ફક્ત એક નાના હિસ્સા માં જ પૃથ્વી પર રહ્યા છે - કદાચ અઢી લાખ વર્ષો. તો પણ આપણે એટલું જાણીયે છીએ કે આપણા થી બહુ પહેલા, પૃથ્વી પર અન્ય જીવ હતા.

ઘણા વર્ષો પહેલા કેવા જીવ હતા?




નાના, એક-કોષીય છોડ અને વિશાળ, વૃક્ષ જેવા ફર્ન હતા. સૂક્ષ્મ પ્રાણીઓ અને વિશાળ ડાયનાસોર હતા. આપણે આ પ્રાચીન છોડ અને જાનવરો વિષે જાણીયે છીએ, ભલે એ શરૂઆત ના માણસો ના જીવન ની પહેલા જ લુપ્ત થઈ ગયા હતા. આપણે એના વિષે એટલા માટે જાણીયે છીએ કારણકે એ એની પાછળ થોડા પુરાવાઓ છોડી ગયા છે - અજબ, રોમાંચક પુરાવા, જે ધરતી ના ઊંડાણ માં દબાયેલા છે. આ પ્રાચીન પુરાવા ને જીવાશ્મ કહેવાય છે.

જીવાશ્મ શું હોય છે?




જીવાશ્મ પ્રાગૈતિહાસિક જીવન ના પુરાવા છે. પ્રાગૈતિહાસિક જીવન નો અર્થ, ઇતિહાસ લખાયા પહેલા નું જીવન થાય છે. જીવાશ્મ એક આખો છોડ અથવા જાનવર હોઈ શકે, જે બરફ ની ચાદર માં જામી ગયું હોય, અથવા તો તૃણમણિ (પ્રાગૈતિહાસિક વૃક્ષ નું સખત સત્વ) (amber) ના એક ટીપા માં સુરક્ષિત હોય - જે કોઈ પ્રાગૈતિહાસિક વૃક્ષ નો રસ હોઈ શકે છે.

અથવા જીવાશ્મ કોઈ પ્રાચીન છોડ અથવા પ્રાણી ના અશ્મીભૂત અવશેષ હોઈ શકે છે. અશ્મીભૂત એટલે પથ્થર માં પરિવર્તિત. એવું ત્યારે થાય છે જયારે દબાયેલા અવશેષ ધીરે-ધીરે ઓગળી જાય છે અથવા ધોવાઈ જાય છે, અને એનું સ્થાન ખનિજ લઈ લેય છે.



જીવાશ્મ કોઈ માળખા નો ઢાળો હોઈ શકે છે. એવું ત્યારે થાય જયારે કોઈ છોડ અથવા પ્રાણી ના દબાયેલા અવશેષ ઓગળી જાય છે, પણ એનું સ્થાન કઠોર ખનીજો દ્વારા ભરાતું નથી. ત્યારે એ ચટ્ટાન માં એક ખોખલી રૂપરેખા એટલે કે માળખા સિવાય બીજું કંઈ બચતું નથી.





કોઈ જીવાશ્મ એક પ્રિન્ટ પણ હોઈ શકે છે જે પ્રાગૈતિહાસિક માટી માં થી કોઈ નક્કર ચટ્ટાન માં બની હોય. આ પ્રિન્ટ કોઈ લુપ્ત જાનવર ના પદચિન્હ અથવા પ્રાગૈતિહાસિક કૃમિ (કીડા) ના છિદ્ર ના પગેરા ના નિશાન હોઈ શકે છે. એ પ્રિન્ટ 30 કરોડ વર્ષ જુના કોઈ નાજુક પાંદડા ની છાપ પણ હોઈ શકે છે.

કોઈ જીવાશ્મ ને ઓળખતા પહેલા શું થવું જોઈએ?





સૌથી પહેલા, એ જીવાશ્મ ને સાચવવું જોઈએ, જેથી ન તો એને કોઈ ખાય, ન એ સડે અને ન એ નષ્ટ થાય. એને લાંબા સમય સુધી સુરક્ષિત કરવું જોઈએ. પછી એને શોધવું જોઈએ. અંત માં, એને એક જીવાશ્મ ના રૂપ માં ઓળખવું જોઈએ.

જીવાશ્મ આપણને શું જણાવે છે?


એ આશ્ચર્યજનક લાગે છે કે ક્યારેક કોઈ જીવાશ્મ શોધાયું અને એની ઓળખ થઈ શકી. પણ આધુનિક જીવાશ્મ શોધકો માટે પર્યાપ્ત સંખ્યા માં જીવાશ્મ ઉપલબ્ધ છે જેને લીધે એ અતીત ના જીવન ના ઘણા રહસ્યો ને ઉકેલી શકે છે.



દુર્ભાગ્ય થી, લોકો ને એ સમજવામાં ઘણા વર્ષો વીતી ગયા કે એમનું જીવન પણ એક રહસ્ય હતું, અને જીવાશ્મ એને ઉકેલવામાં મદદ કરી શકે છે. આરંભ ના લોકો નું માનવું હતું કે પૃથ્વી પર જીવન - અને ત્યાં સુધી કે સ્વયં પૃથ્વી પણ - શરૂઆત થી જ એક-સમાન હતી. એટલે, જ્યારે શરૂઆત ના લોકો ને ભૂલ થી થોડા જીવાશ્મ મળ્યા, તો એને સમજાયું નહીં કે એનું શું કરે. અગણિત જીવાશ્મ ની અવગણના કરવામાં આવી, ફરી દફનાવવામાં આવ્યા, અને ઘણીવાર નષ્ટ પણ કરવામાં આવ્યા.


જીવાશ્મ ના મહત્વ ની શોધ સૌથી પહેલા કોણે કરી?

લગભગ 2500 વર્ષો પહેલા, થોડા ગ્રીક વિચારકોએ સૂચવ્યું કે એ અજબ વસ્તુઓ વાસ્તવ માં એ પ્રાણીઓ ના અવશેષ હોઈ શકે છે જે બહુ સમય પહેલા પૃથ્વી પર રહેતા હતા. પણ આ વિચાર સાંભળી ને બધા લોકો એ એની હાંસી ઉડાવી.



લગભગ 2000 વર્ષો પછી, ઇટાલી માં મજૂરો સમુદ્ર થી દૂર એક નહેર ખોદી રહ્યા હતા. એમણે બધા પ્રકાર ના અજબ, પથ્થર જેવા કઠણ છીપ શોધ્યા. લિયોનાર્ડો દા વીંચી ને આ અસામાન્ય છીપ નું મહત્વ તુરંત સમજાયું. એણે સાચું વિચાર્યું કે કે એ સમુદ્રી જીવન ના પ્રાચીન રૂપો ના અવશેષ હતા. પછી એણે તર્ક કર્યો કે જો સમુદ્રી જીવ ક્યારેક ત્યાં રહેતા હતા, તો એક પ્રાચીન સમુદ્ર થી એ ભાગ ઢંકાયેલો હશે જ્યાં અત્યારે ભૂમિ હતી. તો પછી એ સમુદ્ર નું શું થયું? એ ગાયબ કેમ થઈ ગયો?

300 થી વધારે વર્ષો નો સમય વીત્યા પછી દા વીંચી ના પ્રશ્નો નો ઉત્તર મળ્યો. 1795 માં, વિલિયમ સ્મિથ નામના એક સર્વેક્ષકે ઇંગ્લેન્ડ માં એક નવી નહેર માટે રસ્તો બનાવવો શરુ કર્યો. એણે ત્યાં થોડી બહુ અજબ વસ્તુઓ શોધી. જેવી એણે જમીન ને ઊંડાણ થી ખોદી, એણે જોયું કે ચટ્ટાનો, એક-ની-ઉપર એક, સ્તર બનાવી રહી હતી. એ પથ્થર ના સ્તર થોડા-થોડા કેક ના સ્તર જેવા હતા.




એણે જોયું કે થોડા સ્થાનો પર સ્તર સમતલ હતા. બીજા સ્થાનો માં એ સ્તર તેજી થી ઉપર ની બાજુ વળેલા હતા, જાણે કોઈ શક્તિશાળી બળે એને ઉપર ની બાજુ ધકેલી દીધા હોય.

સ્મિથ ને જે પ્રકાર ના જીવાશ્મ એક ચટ્ટાન ના સ્તર માં મળ્યા, એ એને બીજા કોઈ ચટ્ટાન ના સ્તર માં ન દેખાયા. ઘણા સમય સુધી એ કોયડા નો ઉકેલ શોધવા મથી રહ્યો. આખરે એણે સ્પષ્ટીકરણ માટે એક કારણ શોધ્યું. સ્મિથ નો સિદ્ધાંત વિજ્ઞાન ની બે નવી શાખાઓ નો આધાર બન્યો - ભૂસ્તરશાસ્ત્ર (પથ્થર નું અધ્યયન)), અને પેલિઓન્ટોલોજી (જીવાશ્મ નું અધ્યયન).




સ્મિથ નો સિદ્ધાંત શું હતો?

સ્મિથ ના સિદ્ધાંત અનુસાર ચટ્ટાન ના પ્રત્યેક સ્તર (સ્ટ્રેટમ) નું નિર્માણ, પૃથ્વી ના ઇતિહાસ દરમ્યાન અલગ-અલગ સમય પર થયું હતું. અને અલગ-અલગ સ્તર અલગ-અલગ રીતે બન્યા હતા.




એક સ્તર ચૂના ના પથ્થર નું બનેલું હતું. ચૂના નો પથ્થર એવા ખનીજ નો બનેલો છે જે સમુદ્ર ના પાણી માં હોય છે. સ્મિથે સાચું અનુમાન લગાવ્યું કે ચૂના ના પથ્થર નું સ્તર એ કાળ માં બન્યું હશે જયારે ઇંગ્લેન્ડ નો એ ભાગ સમુદ્ર ના પાણી થી ઢંકાયેલી હશે. પૃથ્વી ની અંદર થી કોઈ મોટી શક્તિએ સમુદ્ર તળ ને ઉપર ઉઠાવ્યું હશે અને સમુદ્ર ને વહાવી દીધો હશે.



સમુદ્ર લુપ્ત થયા પછી ત્યાંની ભૂમિ રેતી થી ઢંકાઈ ગઈ હશે, કારણકે ચૂના ના પથ્થર નું ઉપર નું સ્તર રેતાળ પથ્થર નું બનેલું હતું. એ પછી એની ઉપર મોટી સંખ્યા માં છોડ પ્રકટ થયા હશે, કારણકે બીજું સ્તર કોલસા નું બનેલી હતું. કોલસા, પ્રાચીન છોડ ના અવશેષો માં થી બને છે.

સ્મિથે ચટ્ટાન ના દરેક સ્તર માં, જીવાશ્મ ની "તિથિ" કેવી રીતે નક્કી કરી?

સ્મિથ ના સિદ્ધાંત માં એવું પણ કહેવામાં આવ્યું કે કે પ્રત્યેક સ્તર માં જીવાશ્મ, છોડ અને જાનવરો ના અવશેષ હતા જે એ સ્તર ના બનવા સમયે જીવતા હોવા જોઈએ. એટલે રેતી ના પથ્થર ના સ્તર માં મળેલા કોઈ પણ જીવાશ્મ, રેતી ના પથ્થર જેટલા જ જુના હોવા જોઈએ. અને ચૂના ના પથ્થર ના સ્તર માં જોવામાં આવેલા કોઈ પણ જીવાશ્મ ની આયુ ચૂના ના પથ્થર જેટલી જ હોવી જોઈએ.



વિલિયમ સ્મિથ ને ધન્યવાદ, કારણકે હવે જીવાશ્મ ના શોધકો પોતાની "શોધ" ની સાચી તારીખ જણાવી શકતા હતા, જો એને એ ચટ્ટાન ની ઉંમર ખબર હોય, જેમાં જીવાશ્મ દબાયેલા હતા. અને ભૂસ્તરશાસ્ત્રી પણ હવે મેળ ખાતી ચટ્ટાનો ના સ્તર ને ઓળખી શકતા હતા, ભલે એ સ્તર દુનિયાભર માં વ્યાપક રૂપ માં ફેલાયેલા હોય.

"ચાર મહાન યુગ" ક્યા હતા?



સ્મિથ ની શોધ પછી, વૈજ્ઞાનિકો એ પ્રાગૈતિહાસિક કાળ માં પૃથ્વી કેવી રીતે બદલાઈ, એના વિષે ચાર્ટ બનાવવાનું શરુ કર્યું. એ કાર્ય ને સરળ બનાવવા માટે, એમણે પ્રાગૈતિહાસિક કાળ ને ચાર મહાન કાળખંડો માં વિભાજીત કર્યા જેને યુગ કહેવામાં આવે છે. આ યુગો ને નામ આપવામાં આવ્યા : આરંભિક જીવન, પ્રારંભિક જીવન, મધ્ય જીવન અને વર્તમાન જીવન. પ્રત્યેક યુગ એમાં શોધાયેલા જીવાશ્મ જીવન ના પ્રકાર પર આધારિત હતો. અને પ્રત્યેક નવા જીવાશ્મ ની શોધ સાથે, વૈજ્ઞાનિકો આ પ્રાચીન રહસ્ય ને થોડું વધારે ઉકેલવામાં સક્ષમ થયા કે એક સમયે પૃથ્વી પર કેવા પ્રકાર ના જીવ અસ્તિત્વ માં હતા.

એક એકલું જીવાશ્મ આપણને શું બતાવી શકે?

આજ ના જીવાશ્મ વિશેષજ્ઞ ઘણીવાર કોઈ જીવાશ્મ ને એટલી જ સરળતા થી "વાંચી" શકે છે જેટલી સરળતા થી લોકો કોઈ અખબાર ને વાંચે છે. એક એકલું જીવાશ્મ ના પગ નું હાડકું, એ પ્રકાર ના પ્રાણી વિષે ઘણું જણાવી શકે છે જે ક્યારેક એ પગ પર ઉભું હતું. એક નાનું જીવાશ્મ નું છીપ એ પ્રાણી વિષે સ્પષ્ટ જણાવી શકે છે જે ક્યારેક એ છીપ ની અંદર રહેતું હતું. એ પ્રાણી કેવી રીતે અને કેમ મરી ગયું એના વિષે પણ ભાળ મળી શકે છે.




થોડી પ્રસિદ્ધ જીવાશ્મ શોધો કઈ છે?

અધિકાંશ જીવાશ્મ, અવશેષો ના ટુકડા થી વધારે કંઈ નથી હોતા - હાડપિંજર નો એક ટુકડો, અથવા ચટ્ટાન ના તૂટેલા ટુકડા પર છપાયેલા નિશાન. જાસૂસો ની જેમ જીવાશ્મ વૈજ્ઞાનિકો પણ, જીવાશ્મ ના આ ટુકડાઓ ને એક-સાથે રાખીને જોડે છે. ઘણીવાર, એને ખોવાયેલા હિસ્સાઓ નું પુનર્નિર્માણ કરવું પડે છે, એ આધાર પર કે એ પ્રાગૈતિહાસિક પ્રાણી કેવું દેખાતું હતું.




પણ સમય-સમય પર, કોઈ અદ્ભુત જીવાશ્મ ની શોધ થાય છે - એક પૂર્ણ જીવાશ્મ પ્રાણી મળી જાય છે - અને ત્યારે પ્રાગૈતિહાસિક જીવન વિષે આપણું જ્ઞાન એક મોટી છલાંગ લગાવે છે. આવી જ એક શોધ 1900 ના પ્રારંભ માં ઉત્તરી સાઇબિરીયા માં થઈ.

એક શિકારી અને એના કૂતરા સાઈબિરીયા ની ઊંડા બરફ થી ઢંકાયેલી જમીન, ટુંડ્રા, માં ફરી રહ્યા હતા. અચાનક, ભૂસ્ખલન માં એક પહાડ નો હિસ્સો મોટા અવાજ સાથે તૂટી પડયો. સુંઘતા અને ભસતા કૂતરા પહાડ ના એ હિસ્સા તરફ દોડયા જે હજી ઉભો હતો. એ એની અંદર ની કોઈ વસ્તુ ને ખોદવા લાગ્યા.




જ્યારે શિકારી પહાડ પર પહોંચ્યો તો એને એની આંખો પર વિશ્વાસ ન થયો. ત્યાં એક વિશાળ વૂલી મેમથ - પ્રચંડ, હવે લુપ્ત થયેલી હાથી ની પ્રજાતિ - ઉભો હતો, જે ઓછા-માં-ઓછા 25000 વર્ષ જૂનો હતો! કોઈ રીતે, એક આખો વિશાળ જીવ - માંસ અને બધું - ટુંડ્રા ના બરફ માં જામી ગયો હતો. ભૂસ્ખલન ને લીધે એ હવે મુક્ત થયો હતો. એ બિલકુલ એવો જ દેખાતો હતો જે દિવસે એનું મૃત્યુ થયું હતું.



જીવાશ્મ આપણને કેવો ઇતિહાસ બતાવી શકે છે?


કેલિફોર્નિયા માં જીવાશ્મ વિજ્ઞાનીઓએ એક વાર લા બ્રેય ના ડામર ના ખાડા માં થી, મોટી સંખ્યા માં જીવાશ્મ ના હાડકા ખોદી ને કાઢ્યા. જયારે હાડકાઓ નું વર્ગીકરણ કર્યું, તો એમને ખબર પડી કે એ ચાર અલગ-અલગ પ્રાગૈતિહાસિક જાનવરો ના હતા - એક મેમથ, એક વિશાળ દાંતવાળો વાઘ, એક મોટું ગીધ, અને એક વિશાળ વરુ.

હાડકાઓ ની સ્થિતિ જોઈ ને વૈજ્ઞાનિકો એ એક એવું તારણ કાઢ્યું જે આપણને જણાવે છે કે હજારો વર્ષો પહેલા શું થયું હશે.



વૈજ્ઞાનિકો એ તર્ક કર્યો કે મેમથ કદાચ ચીકણા ડામર ના ખાડા માં ફસાઈ ગયો હશે. એ મુક્ત થવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો, ત્યાં એને એક વિશાળ દાંતવાળા વાઘે જોઈ લીધો. ખૂંખાર વાઘ મેમથ પર ઝપટયો, જે એને એક સહેલા ભોજન જેવો લાગ્યો. પણ મેમથે એની શક્તિશાળી સૂંઢ થી ફટકો માર્યો, અને વાઘ પાછળ ખાડા માં પડી ગયો.


થોડીવાર માં ગીધે બે મરી રહેલા જાનવરો પર તરાપ મારી. પણ વાઘે સંઘર્ષ કરીને અને પંજા મારીને પક્ષી ને નીચે ખેંચી લીધું. અંત માં , એક ભૂખ્યા વરુ એ મૃત પ્રાણીઓ ને પોતાનું ભોજન બનાવવાની કોશિશ કરી. પણ એ પણ ચીકણી મોત ની જાળ માં ફસાઈ ગયું.




ધીરે-ધીરે, ચારેય જાનવર ઊંડા ડામર માં ડૂબી ગયા. ફક્ત એના જીવાશ્મ હાડકા એ બતાવવા માટે બચ્યા, કે એ કેવી રીતે જીવ્યા અને કેવી રીતે મર્યા.

શું પહેલે થી અજ્ઞાત પ્રાણીઓ ના હાડકા શોધવામાં આવ્યા છે?


હા, ક્યારેક-ક્યારેક પહેલેથી અજ્ઞાત પ્રાણીઓ ના જીવાશ્મ શોધાયા છે. આવી જ એક શોધ 1922 માં થઈ હતી.




એ ત્યારે થયું જયારે જીવાશ્મ શોધકોએ એક રેતાળ પથ્થર ની ચટ્ટાન ને કિનારે એક ડાયનાસોર કબ્રસ્થાન ની શોધ કરી. એમના દ્વારા એકત્રિત કરાયેલા જીવાશ્મ માં ઓછા-માં-ઓછી પંચોતેર ખોપડીઓ અને અજ્ઞાત પ્રકાર ના શિંગડાવાળા ડાયનાસોર ના પૂર્ણ હાડપિંજર હતા. એ વિચિત્ર પ્રાણી ને ત્યારબાદ પ્રોટોસેરાટોપ્સ નું નામ આપવામાં આવ્યું.



જીવાશ્મ ના હાડકા બધી ઉમર ના ડાયનાસોર ના હતા - બહુ નાના થી લઈને બહુ બુઢ્ઢા સુધી ના. અને કંઇક બીજું પણ હતું - જીવાશ્મ પ્રોટોસેરાટોપ્સ ના અશ્મિભૂત ઈંડા નો માળો જેની અંદર શિશુ ડાયનાસોર હજી પણ હતા!




આપણે હજી શું વધારે જાણવાની આવશ્યકતા છે?



પ્રાગૈતિહાસિક જીવન નું રસપ્રદ રહસ્ય હજી સંપૂર્ણ રીતે ઉકેલાયું નથી. ઘણી વધારે જીવાશ્મ શોધો, વિશેષ રૂપે પૃથ્વી ના પ્રારંભિક જીવન વિષે, હજી બાકી છે. અને થોડી બહુ મહત્વપૂર્ણ શોધો બિનઅનુભવી જીવાશ્મ શોધકો - જેવા કે તમે - દ્વારા પણ થઈ શકે છે જે જીવાશ્મ ભેગા કરવા નીકળ્યા હોય.


અંશકાલિક જીવાશ્મ શોધક બનવા માટે શું કરવું જોઈએ?

એને માટે તમને જળકૃત અથવા કૉમ્પ સંબંધિત ચટ્ટાનો વિષે થોડા જ્ઞાન ની જરૂર છે. એ એવા પ્રકાર ની ચટ્ટાનો હોય છે જેમાં સૌથી વધારે જીવાશ્મ મળી આવે છે. સારા જીવાશ્મ-શોધક સ્થાન ને ગોતવા માટે એક યોજના પણ બનાવવી પડશે. એને માટે સાહસ અને સારા ભાગ્ય ની જરૂર પડશે.



આ અદ્ભૂત શોધે વૈજ્ઞાનિકો ને જન્મ થી મૃત્યુ સુધી, પ્રોટોસેરાટોપ્સ ના આખા જીવનકાળ ના સંપૂર્ણ વિવરણ નું પગેરું કાઢવામાં મદદ કરી. પણ આટલી સંપૂર્ણ શોધ સિવાય પણ, જીવાશ્મ શોધકો ઘણા અન્ય પ્રાગૈતિહાસિક પ્રાણીઓ ની ઉત્ક્રાંતિ વિષે જાણવામાં સફળ થયા છે. ઉત્ક્રાંતિ એટલે અલગ જાતના પ્રાણીઓ ની વૃદ્ધિ, બદલાવ, અને વિકાસ.

એક બિનઅનુભવી જીવાશ્મ શોધક બનવા માટે તમારે એક હથોડો, એક છીણી, અને એક છરી સિવાય થોડી અન્ય વસ્તુઓ ની જરૂર પડશે. હથોડા નો ઉપયોગ સખત ચટ્ટાનો ને તોડવા માટે કરવામાં આવે છે. છીણી નરમ ચટ્ટાનો ને ખોતરવા માટે કામ આવે છે. છરી પ્રત્યેક જીવાશ્મ ની ચારે બાજુ થી માટી ને સાવધાનીપૂર્વક ઢીલી કરવા માટે કામ આવે છે.



આ ઉપકરણ અને કોઈ પણ જીવાશ્મ જે તમને મળે એને તમે એક નાની કેનવાસ બેગ માં લઈ જઈ શકો છો. પણ તમે શોધેલા જીવાશ્મ ને લઈ જતા પહેલા એને ચારે બાજુ એક પાતળા નરમ કાગળ (ટીસ્યુ પેપર) અથવા રૂ માં લપેટીને સુરક્ષિત જરૂર કરજો.









પ્રત્યેક જીવાશ્મ શોધ ના સ્થાન ની ધ્યાન થી નોંધ કરવી જોઈએ. પછી, તમારા જીવાશ્મ ખજાનાને એક ટ્રે અથવા બોક્સ માં રાખ્યા પછી, તમે એને ઓળખવાનું રોમાંચક કામ શરુ કરી શકો છો. તમે તમારા જીવાશ્મ નમૂના ની તુલના વિશ્વકોશો અને અન્ય સંદર્ભ પુસ્તકો ના ચિત્રો સાથે કરી શકો છો.

તમને કેવા પ્રકાર ના જીવાશ્મ મળશે?




એનો ઉત્તર કોઈ નિશ્ચિત રૂપ થી આપી નહીં શકે. તમે શોધ કરતા રહેશો, કરતા રહેશો, અને તો પણ ખાલી હાથે પાછા ફરી શકો છો.



તમને કોઈ પ્રાગૈતિહાસિક હાડકું અથવા પ્રાચીન રોપા ની છાપ મળી શકે છે. તમને કોઈ વિલુપ્ત સમુદ્રી જીવ નું જીવાશ્મ છીપ અથવા કોઈ પ્રાગૈતિહાસિક વૃક્ષ નો પથરીલો ટુકડો મળી શકે છે. તમને તૃણમણિ ના એક ટીપા માં કોઈ વિશાળ દાંત અથવા એક નાનું જંતુ પણ મળી શકે છે.

કોને ખબર?

કોઈ ખાતરી થી કહી નથી શકતું કે હવે પછી ની મહાન જીવાશ્મ શોધ ક્યારે અને ક્યાં થશે. એ શોધ તમારા પાડોશ માં થઈ શકે છે. અને કોઈ એ જીવાશ્મ શોધક નું નામ પણ નથી બતાવી શકતું જે હવે પછી ની મહત્પૂર્ણ શોધ કરશે. કોને ખબર... એ તમે પણ હોઈ શકો છો!



સમાપ્ત